## 1. આયોજન પંચની રચના અને મુખ્ય ઉદ્દેશો જણાવો.

- દેશના આર્થિક કે સર્વાંગી વિકાસ કરવા આયોજન જરૂરી છે. દેશના બંધારણનાં ધ્યેયો અને આદર્શોને પૂર્ણ કરે તેવા 'આયોજન પંચ'નો પ્રારંભ કરવામાં આવ્યો. (15 માર્ચ 1950) આ સાથે ભારતમાં વ્યવસ્થિત અને આયોજનબદ્ધ આર્થિક વિકાસ માટેની યોજનાઓ રજૂ થઈ. આયોજન પંચમાં સભ્ય સંખ્યા 6 થી 12ની નક્કી કરવામાં આવી, આયોજન પંચ નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ વહીવટી નિષ્ણાતો અને વિવિધ ક્ષેત્રના વિદ્વાનોનું બનેલું હોય છે. તેના અધ્યક્ષ હોદ્દાની રૂએ વડાપ્રધાન હોય છે. અને ઉપાધ્યક્ષ આયોજન ખાતાના પ્રધાન રહે તેમ ઠરાવાયું. ભારતમાં
- આર્થિક આયોજનના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે :

  (A) ઝડપી આર્થિક વિકાસ : રાષ્ટ્રના ઉત્થાનમાં ઝડપી અને સતત વધારો કરી પ્રજાના જીવનધોરણમાં સુધારો લાવવો તથા ભૌતિક જીવનની ગુણવત્તા સુધારવી.

  (B) આર્થિક અસમાનતામાં ઘટાડો : ગરીબો અને અમીરો વચ્ચેની આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવી.

  (C) પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી : દેશના નાગરિકોની શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરી બેરોજગારી ઘટાડવી અને નવી તકો ઊભી કરી પૂર્ણ રોજગારીનું ધ્યેય હાંસલ કરવું.

  (D) સ્વાવલંબન : વસ્તુઓ, યંત્રો, સાધનો અને ટેકનિકલ જાણકારી જેવી બાબતોમાં સ્વાવલંબન પ્રાપ્ત કરવું. ખાસ બાબત તરીકે  અશ ઉત્પાદનમાં પગભર થવું.

  (E) ભાવસ્થિરતા : ભાવો સ્થિર રહે અને વિકાસ થાય તેવી જરૂરી નાણાકીય અને રાજકોષીય નીતિઓ અમલી બનાવવી.

  (F) શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ : શિક્ષણનો વ્યાપ વધારી તેમજ સમાજ સુધારણા દ્વારા રાષ્ટ્રની કાયાપલટ કરવી.

## 2. પંચવર્ષીય યોજનાઓ વિષે ટૂંકમાં લખો.

- 10 માર્ચ 1950 માં ભારતના બંધારણનાં ધ્યેયો અને આદેશો ને પુર્ણએ તેવા "આયોજન પંચ"ની શરૂઆત કરવામાં આવી. આયોજન પંચે દેશ માટે ટૂંકાગાળાના અને લાંબાગાળાના આયોજન બાર પાડ્યા જે પૈકી પંચવર્ષીય યોજનાઓ એક છે. પંચવર્ષીય યોજનાનો ખ્યાલ "રશિયા"ની સફળતા પરથી હતો.

  (1) પ્રથમ પંચવર્ષીય યોજના  (ઈ.સ. 19511956) બીજા વિશ્વયુદ્ધ, દેશના ભાગલા, કોમી હુલ્લડોને લીધે અનાજની બાબતમાં આત્મા નિર્ભરતા. રાષ્ટ્રની આવકમાં વધારો કરી ભારતીયોના જીવનધોરણ સુધારવાના હેતુથી યોજના અમલમાં મુકી. હેરોડ ડોમર મોડેલના ઉપયોગથી રાષ્ટ્રીય આવકમાં 18 % નો વધારો થયો.

  (2) બીજી પંચવર્ષીય યોજના (ઈ.સ. 195661) : સમાજવાદી સમાજરચના સ્થાપવાની સાથે ભાવવધારા અને ફુગાવાને કાબૂમાં રાખવા પ્રયત્ન કરાય. (3) ત્રીજી પંચવર્ષીય યોજના (ઈ.સ. 196166) : આત્મ નિર્ભરતા, સ્વયં સ્પષ્ટતા ભારતપાક અને ભારતચીન વચ્ચેનો યુદ્ધ અને દુષ્કાળની પરિસ્થિતીએ આ યોજના નિષ્ફળ નીવડી.

  (4) ચોથી પંચવર્ષીય યોજના : (ઈ.સ. 196669) : પાછળના વર્ષોની પરિસ્થિતીને કારણે ચોથી યોજના ત્રણ વર્ષની કરાઈ 'યોજના અવકાશ' કહેવાય છે. ઈ.સ. 196974 આ સમય ખરેખર ચોથી પંચવર્ષીય યોજના નો બન્યો જેમાં ભારતની 13 બેંકોનું રાષ્ટ્રીયકરણ થયું છે.

  (5) પાંચમી પંચવર્ષીય યોજના (ઈ.સ. 197478) : આ યોજનાના પ્રથમ વર્ષને બાદ કરતા ચાર વર્ષ સાનૂકુળ હતા.

(6) છઠ્ઠી પંચવર્ષીય યોજના (ઈ.સ. 198085) : ગરીબી, નાબૂદી, રોજગાર સર્જન, ઉદ્યોગોની ઉત્પાદનક્ષમતા વધારવાના લક્ષ્યાંકોએ આ યોજનાને સફળ બનાવી.

(7) સાતમી પંચવર્ષીય યોજના (ઈ.સ. 1985 90) ગરીબીનું પ્રમાણમાં ઘટાડો , રોજગારીનું સર્જન, ઉત્પાદન ક્ષમતામાં વધારા પર્યાવરણના રક્ષણ સાથે લલાંક પ્રાપ્ત થઈ શક્યો. આંતરિક નાણાંકીય સાધનો અને વિદેશી મુદા મેળવવાનું કામ મુશકેલ બન્યું હતું .

(8) આઠમી પંચવર્ષીય યોજના (ઈ.સ. 199297) : રાજકીય અસ્થિરતાના કારણે આ યોજના બે વર્ષ મોડી શરૂ થઈ. પ્રાથમિક શિક્ષણ, નિરક્ષરતા નાબુદી, પીવાના પાણીની સમસ્યાની નાબૂદી, ખેતીની વિકાસ મુખ્ય હતા.

(9) નવમી પંચવર્ષીય યોજના (ઈ.સ. 19972002) : ભારતને મંદીના સંકટમાંથી બહાર લાવવા, ગરીબી નિવારણ, ખેતી અને ગ્રામ વિકાસને અગ્રિમતા પર ભાર મૂકાવો સાક્ષરતાનું પ્રમાણ, 65.38% સુધી લઈ જવાયું. વસ્તી વૃદ્ધિદર ઘટાડવા પ્રયત્ન સફળ બન્યા.

(10) દસમી પંચવર્ષીય યોજના (ઈ.સ. 200207) : આવકજાવકના મોડલ પર આધારિત આ યોજનામાં "રાજય દીઠ વિકાસદર" નક્કી કરાયો. ગરીબીની ટકાવારી 28, થી ઘટાડો 21 % સુધી લાવ્યા. ખાતર અને પેટ્રોલિયમ પેદાશો સબસિડી પર કાપ મુકાયો. દેશના 8% વિકાસદર માટે 6 સૂત્રીય કાર્યક્રમની ઘોષણા કરાઈ.

(11) અગિયાર પંચવર્ષીય યોજના (ઈ.સ. 200712) : આ યોજનામાં વિકાસ વૃદ્ધિ દર 70,8% રહ્યો, અને ખેતીનો વિકાસદર 30.3% રહ્યો હતો.

(12) બારમી પંચવર્ષીય યોજના (ઈ.સ. 201217) : આ યોજનામાં વાર્ષિક વૃદ્ધિદર 8% રહ્યો છે. જો કે એ પંચવર્ષીય યોજનાઓ બંધ કરાઈ છે. અને આયોજન નીતિ તેના આયોજનો અમલમાં મૂકી રહી છે.

### 3. સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો વિકાસ વર્ણવો.

- લોર્ડ વિલિયમ બેન્ટિકના શાસન સમયથી ભારતમાં આધુનિક શિક્ષણની શરૂઆત થઈ. સ્વતંત્રતા સમયે પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 5માં 6 થી 11ની વયજૂથના કુલ બાળકો પૈકી 35% જેટલાં જ બાળકોને શાળાએ લાવી શકાયાં હતાં. વળી 6 થી 11ની વયનાં બાળકો માટે પ્રાથમિક કેળવણી ફરજિયાત બનાવવામાં આવી અને દરેક પંચવર્ષીય યોજનામાં પ્રાથમિક શિક્ષણને વધુને વધુ મહત્વ આપવામાં આવ્યું.
- પંચાયતી રાજ થકી દેશમાં પ્રાથમિક શિક્ષણનો પ્રચાર ઝડપી બની શક્યો. ભારત સરકારે પ્રાથમિક શિક્ષણમાં બુનિયાદી શિક્ષણનો સિદ્ધાંત સ્વીકાર્યો. ત્રણ પૌજનાઓ દરમિયાન અનેક જુનિયર બુનિયાદી અને સિનિયર બુનિયાદી શાળાઓ શરૂ થઈ.
- ત્રીજી યોજનાને અંતે પ્રાથમિક તાલીમ સંસ્થાઓનું સંપૂર્ણ બુનિયાદી કરણ થઈ શક્યું છે. તે અભૂતપૂર્વ સિદ્ધિ ગણી શકાય. સામાન્ય પ્રકારની પ્રાથમિક શાળા કરતા બુનિયાદી શાળા વધારે ખર્ચાળ હોય તે મટકીકત પણ તેની મંદ પ્રગતિનું એક કારણ છે.
- સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ દેશમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધુ હોવા છતાં તેની કેટલીક સમસ્યાઓ છે. ગ્રામ્યવિસ્તારની શાળાઓ માં પુરતી સંખ્યા હાજર ન રહેવી. અધવચ્ચેથી અભ્યાસ છોદેવો. કેટલીક શાળાઓ માં તો આજે પણ ભોતિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર તેમજ ગ્રામપંચાયતો રખા ક્ષેત્રે સજગતા કેળવી સમસ્યાનું નિવારણ લાવી શકે.

- આ ઉપરાંત માધ્યમિક શાળા માટે ડો. એ લંકાસ્વામી મુદલિયારના અધ્યતા છેઠળ માધ્યમિક શિક્ષ પંચ'ની સ્થાપના થઈ. ઈ.સ. 1948 માં છે. રાધાકૃષ્ણના નેતૃત્વ હેઠળ ભારતમાં ઝ્યની સ્થાપના કરી છે. આ ઉપરાંત ઈ.સ. 1968 માં પૌઢશિક્ષણ, દૂરવર્તી શિક્ષણ શરૂ કરાયું.
- વ્યવસાયિક જ્ઞાન નામ વિસ્તરણ માટે ટેકનિકલ સંસ્થાઓ અને વિવિધ આઈ.આઈ.ટી. સંસ્થાઓ શરૂ કર્યું. વર્તમાન સમયમાં કૌશલ્ય સર્વપન કેન્દ્રો શરૂ કર્યો. ઉપરાંત NCERT ની સ્થાપના દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે ટ્રેનિંગ કોલેજોની શરૂઆત કરી શિક્ષણના સ્તરને સુધારવા પ્રયત્ન કરાયો છે.

4. ભારતે અણુસંશોધન ક્ષેત્રે સાધેલ વિકાસની ચર્ચા કરો.

- અણુ શક્તિપંચની સ્થાપના વૈતાં ડૉ. હોમીભાભા ના સંસ્થાના અધ્યક્ષ બન્યાં. દેશમાં પ્રથમ 'અપ્સરા'' નામે અણુભઠ્ઠી તૈયાર થઈ અને ટોમબે એટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ નામે સંસ્થાની સ્થાપના થઈ. હોમીભાભાનું અવસાન થતાં તેમની સ્મૃતિને કાયમ રાખવા સરકારે એટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર એવું નામ આપ્યું.
- ડો. વિક્રમ સારાભાઈ તેમના અનુગામી બન્યા. તેમની સિદ્ધિઓ બદલ તેમને ડૉ. શાંતિસ્વરૂપ ભટનાગર મેમોરિયલ એવોર્ડ પ્રાપ્ત થયો. અણશક્તિ મેળવવા હેવી વોટરની જરૂરિયાત ઉભી થતાં નાગલ ખાતે હેવી વોટર પ્લાન્ટ નંખાયો. ચેન્નાઈ નજીક કલપક્કમ ખાતે 'ઇન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ' સ્થાપવામાં આવ્યું. બેંગલોર પાસે ગૌરીબુદાનપુર ખાતે સેસ્મિક મથક સ્થાપ્યું.
- આ મથકની ઉપયોગીતા અણુ ધડાકા કયા સ્થળે કરવા તે માટે થાય છે. ભારતે રાજસ્થાનના પોખરણ ખાતે પ્રથમ અણુધડાકો કર્યો. ભારતમાં કુલ સાત અણુ મથકોના આયોજન, સંચલન અને વ્યવસ્થા માટે 'ન્યૂક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા'ની સ્થાપના કરવામાં આવી.

5. ભારતના અમેરિકા અને સોવિયેટ રશિયા સાથેના સંબંધો વિશે માહિતી આપો.

- ભારત  અમેરિકાના સંબંધો : સ્વાતંત્રતા સંગ્રામ સમયે વિશ્વની મોટાભાગની સત્તાઓએ ભારતને ટેકો આપ્યો હતો. તેમાં અમેરિકા પણ બાકાત ન હતું. ભારતના રશિયા સાથેના સંબંધોને લીધે અમેરિકાએ યુ.એન.ની સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનને સમર્થન આપવાનું શરૂ કર્યું.
- અમેરિકા ભારતને તેની ઈરછા મુજબની વિદેશનીતિ મુજબ ઢાળવા ઈરછતું. ભારતે તેનો અસ્વીકાર કરતાં બંને વચ્ચેના સંબંધો ઉપર છલ્લા રહ્યા. આ સ્થિતિ હોવા છતાં પણ બંને દેશો વચ્ચે આર્થિક અને ટેકનિકલ ક્ષેત્રે પરસ્પર આદાનપ્રદાન થતું રહ્યું. અમેરિકાના પ્રમુખ આઈઝન ડોવર અને કેનેડીની ભારત મુલાકાતે છતાં ભારતના સંબંધો અમેરિકા સાથે ઊંડાણવાળા તેમજ ગાઢ મૈત્રીપૂર્ણ રહ્યાં નથી તે હકીકત છે.
- પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ પર ભારત હસ્તાક્ષર કરે એ વાતનો યુનાઇટેડ સ્ટેટ્સ આગ્રહ રાખ્યો છે. આ બંને સિદ્ધિઓ ભેદભાવયુક્ત અને રાષ્ટ્રીય હિતોને નુકશાનકતાં હોવાથી ભારતે તેના પર હસ્તાક્ષર કર્યા નથી. પોતાના ઈરાદાઓ અને આગ્રહની અવગણના થતાં યુનાઈટેડ સ્ટેટ્સ ભારત પર નારાજ થયું.
- ભારતે પોખરણ ખાતે સફળ પરમાણુ અખતરો કર્યો ત્યારે તેણે ગંભીર નોંધ લઈને તેને ભારત સામે કેટલાક પ્રતિબંધો મૂક્યા, જે સમય જતાં હળવા થતા ગયા. ત્યારબાદ આર્થિક અને ટેકનિકલ જેવાં ક્ષેત્રોમાં ભારતને અમેરિકાની મદદ પણ મળતી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સના ન્યૂયોર્કના વલર્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા આતંકવાદી

હુમલા પછી દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો થયો છે. ભારતે પણ આર્થિક ક્ષેત્રે પ્રગતિ સાધી છે, હવે તે સ્વીકાર દેશો વચ્ચે ગાઢ સંબંધો બંધાય તેવી ઈચ્છા ધરાવતા થયા છે.

- ઈ.સ. 2014 અને ઈ.સ. 2015 ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે ગયા. ત્યાં તેમણે સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાને પણ સંબોધી, યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ 26મી જાન્યુઆરી 2015ના રોજ ભારતના 66 મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્ય મહેમાન બની ભારતની મુલાકાત લીધી. ભારત અને અમેરિકાના સંબંધો સુમેળભર્યા થઈ રહ્યાં છે.
- ભારત  સોવિયેટ સંઘના સંબંધો : સોવિયેટ સંઘે પણ ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિની ચળવળને ટેકો આપ્યો. આઝાદી બાદ ભારતના ખાસ મિત્ર તરીકે સોવિયેટ રશિયા રહ્યું. કાશ્મીર પ્રશ્ન અંગે હંમેશા તે ભારતની પડખે રહ્યું. સોવિયેટ પ્રમુખ ખુચેવની ભારત મુલાકાતથી બંનેના સંબંધો વધુ ગાઢ બન્યાં, અને ઘણી બાબતો અંગે સમજૂતી થઈ એમાં ભારતની પંચવર્ષીય યોજનામાં પણ સોવિયેટે આર્થિક મદદ કરી. ભારતચીન યુદ્ધના કટોકટીભર્યા સમયે સોવિયેટે લશકરી 2 મિગયુદ્ધ વિમાનો બનાવવામાં ખાસ મદદ કરી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સોવિયેટ રશિયાએ ભારતની બિનજોડાણવાદી અને તટસ્થતાની નીતિને સંપૂર્ણ સમર્થન આપ્યું.